# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાવરકુંડલા ખાતે 122 કરોડ રૂપિયાનાં વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરશે
2) રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવા અનુરોધ કર્યો હતો.
3) ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીની સમયમર્યાદા 10 નવેમ્બર સુધી લંબાવાઈ.
4) દિવાળી અને છઠપુજાના તહેવારમાં રેલવેએ ઉધના સ્ટેશનથી અત્યાર સુધી 104 ટ્રેનો દોડાવી
5) આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ અને લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર નહીં થવાની હવામાન વિભાગની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM Amreli

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમરેલી જિલ્લાની મુલાકાત લેશે.

મુખ્યમંત્રી સાવરકુંડલા ખાતે 122 કરોડ રૂપિયાના  વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે તથા સાવરકુંડલા ખાતે વિવિધ ધાર્મિક સ્થળો અને હૉસ્પિટલની મુલાકાત લેશે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ચાડીયા મુકામે જળસિંચન માતૃ વંદના કાર્યક્રમ યોજાશે

સાવરકુંડલા ખાતે તેઓ સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારના 103 કરોડ 85 લાખ કરોડ રૂપિયાના ખાતમુહૂર્ત, માર્ગ અને મકાન વિભાગ પંચાયતના 4 કરોડ 9 લાખ રૂપિયાના લોકાર્પણ અને 13 કરોડ 47 લાખ રૂપિયાના  ખાતમહૂર્ત કરશે. જેમાં ભૂગર્ભ ગટરના કામો, નાવલી રિવરફ્રન્ટ યોજના, વિવિધ માર્ગોના રૂપાંતરણ - લોકાર્પણ, બ્લોક પેવીંગ, પાઇપ ડિસ્ટ્રીબ્યુશન સહિતના વિવિધ કામોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત મુખ્યમંત્રી સાવરકુંડલાના અમૃતવેલ ખોડીયાર મંદીર, માનવ મંદીર, શિવ દરબાર આશ્રમ તથા લલ્લુભાઈ શેઠ હોસ્પિટલની મુલાકાત કરશે. મુખ્યમંત્રીના હસ્તે એ.પી.એમ.સી. સાવરકુંડલા ખાતે પૂર્વ ધારાસભ્ય ભગવાન બાપા કસવાલાની પ્રતિમાનું અનાવરણ કરશે તથા એ.પી.એમ.સી. ખાતે મુખ્યમંત્રીનો અભિવાદન સમારોહ યોજાશે.

---------------------------------------------------------------------

\- પીટીસી અમરેલી નીકીતા

-(NAVIN)

# Governor Bhavnagar

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ટીમાણા ગામે પ્રાથમિક શાળા-ટીમાણાનો સાર્ધ શતાબ્દી મહોત્સવ યોજાયો હતો.

આ મહોત્સવમાં રાજ્યપાલે  જણાવ્યું કે, શિક્ષણ થકી જ રાષ્ટ્રનું નિર્માણ થાય છે. તેમણે બાળકોને સારુ શિક્ષણ અને સારા સંસ્કાર આપી ચારિત્ર્યવાન અને શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ કરવા આહ્વાન કર્યું હતું.

આ અવસરે રાજ્યપાલે "ગોડી કાંઠે ગામ ટીમાણા" પુસ્તકનું વિમોચન કર્યું હતું તથા ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતાં ૧૫ દંપતિઓ, ૧૫૦ જેટલાં પ્રગતિશીલ ખેડૂતો અને ટીમાણા પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ શિક્ષકોને સન્માનિત કર્યાં હતાં.

પ્રાકૃતિક ખેતી નું મહત્વ સમજાવતા તેમણે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી ધરતીને ઉપજાઉ બનાવી રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો.

આ સાથે તેમણે શિવશક્તિ ફાર્મની મુલાકાત લઈ કૃષિ અંગેની પ્રવૃત્તિઓને નિહાળી હતી તથા  પ્રાકૃતિક ખેતી કરતા ૨૭ ભાઈ-બહેનો સાથે સંવાદ કર્યો હતો. અને પ્રાકૃતિક ખેતીથી થતા ફાયદાઓ અંગે ખેડૂતોને જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. રાજ્યપાલે શ્રી ટીમાણા પ્રાકૃતિક કૃષિ મહિલા વિકાસ જૂથની પણ મુલાકાત લીધી હતી.

---------------------------------------------------------------------

- માં ખા નીકીતા

-(NAVIN)

# Vav Vidhansabha bethak campaigining

દિવાળી રજાઓ બાદ વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે પ્રચાર ફરી થયો છે. ગઈકાલે બનાસકાંઠાના ભાભર હરિધામ ગૌશાળા ખાતે જિલ્લા ભાજપ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, ગૃહમંત્રી હર્ષ સંઘવી સહિતના મંત્રીઓ તથા કેટલાંક ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપના ટોચનાં નેતાઓએ વાવ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોર માટે ચૂંટણી સભા ને સંબોધન કર્યું હતું.

દરમિયાન, કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત પણ ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે. બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર કોંગ્રેસના ઉમેદવારને વિજયી બનાવવા માટે મતદારો ને અપીલ કરી રહ્યા છે. ગુલાબસિંહ રાજપૂતે જણાવ્યું કે, વાવમાં કોંગ્રેસનો મુકાબલો અપક્ષ સાથે છે. આ તરફ અપક્ષ ઉમેદવાર માવજીભાઈ પટેલે પણ જાહેર સભા કરી હતી.

---

- -પીટીસી બનાસકાંઠા અનિલ

-(NAVIN)

# KHARIF PAK - KHARIDI

રાજ્ય સરકારે ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીની સમયમર્યાદા દશમી નવેમ્બર સુધી લંબાવી છે. જે અન્વયે ખેડૂતો હવે ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે દશમી નવેમ્બર સુધી વિનામૂલ્યે ઓનલાઈન નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ દ્વારા કરાવી શકશે.

રાજ્યના વિવિધ ખરીદ કેન્દ્રો પર મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમ બાદ અગિયારમી નવેમ્બર થી આઠમી ફેબ્રુઆરી 2025 સુધી કરાશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ મગફળી માટે પ્રતિ ક્વિન્ટલ છ હજાર 783 રૂપિયા, મગ માટે 8 હજાર 682 રૂપિયા, અડદ માટે સાત હજાર 400 રૂપિયા તથા સોયાબીન માટે પ્રતિ ક્વિન્ટલ ચાર હજાર 892 રૂપિયા ટેકાના ભાવ જાહેર કર્યા છે. કેન્દ્ર સરકારની પી.એમ. આશા એટલે કે, પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન યોજના અંતર્ગત પી.એસ.એસ. હેઠળ રાજયમાં આ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે.

---------------------------------------------------------------------

- રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# Special Train

ભારતીય રેલવે દિવાળી અને છઠ પુજાનાં તહેવારને ધ્યાનમાં રાખીને દેશભરમાં વધારાની ટ્રેનો દોડાવી રહી છે.

રેલવેએ તહેવારો દરમિયાન ઉધનામાં મુસાફરોની માંગને પૂરી કરવા માટે કુલ 104 ટ્રેન દોડાવી છે, જેમાં 44 હોલિડે સ્પેશ્યલ હતી. આમાંથી એક તૃતીયાંશ સંપૂર્ણપણે અનારક્ષિત હતી, જેને કારણે સામાન્ય શ્રેણીમાં યાત્રા કરનારા મુસાફરોને લાભ થયો છે. અત્યાર સુધી એક લાખ 60 હજાર મુસાફરો દિવાળી અને છઠ તહેવાર પોતાનાં પરિવાર સાથે ઉજવવા પોતાના ગંતવ્ય સ્થાન પર પહોંચી શક્યા છે.

3 નવેમ્બર સુધી ઉધના જંક્શનથી લગભગ 31 હજાર મુસાફરો મુસાફરી કરી ચૂક્યા છે. રેલવેએ આ માટે ઉધના જંક્શન પર વિશેષ વ્યવસ્થા પણ કરી છે. સ્ટેશનનાં તમામ પ્રવેશ અને બાહ્ય દ્વાર પર 20થી 40 ટિકિટ ચેકિંગ સ્ટાફને ચોવીસ કલાક માટે તૈનાત કરવામાં આવ્યો છે. યાત્રીઓની સુવિધા માટે હોલ્ડિંગ એરિયામાં વિશેષ ટિકિટ બારી બનાવવામાં આવી છે.

દરમિયાન, આજે અમદાવાદથી અમદાવાદ-બરૌની સ્પેશિયલ, અમદાવાદ બનારસ સ્પેશિયલ, સાબરમતી-પટના સ્પેશિયલ અને અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે. આજે દિલ્હી-એનસીઆરથી દેશનાં વિવિધ ભાગો માટે 22 ફેસ્ટિવલ સ્પેશ્યલ ટ્રેન દોડાવવામાં આવશે, જેમાં સહરસા, જયનગર, પટણા, મુઝફ્ફરપુર, ગોરખપુર, દરભંગા, સિકન્દરાબાદ અને માલ્દા ટાઉનનો સમાવેશ થાય છે.

---

- -યાદી, રિપીટ , પુલ અનિલ

-(NAVIN)

# Weather

હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ અને લઘુતમ તાપમાનમાં કોઈ ફેરફાર થવાની શક્યતા નથી. 11 નવેમ્બર સુધી રાજ્યમાં હવામાન સુકું રહેશે.

છેલ્લાં 24 કલાકમાં સૌથી ઓછું 19 ડિગ્રી તાપમાન ગાંધીનગર જિલ્લામાં નોંધાયું હતું. નલિયા, કેશોદ અને વડોદરામાં 20 ડિગ્રી, જ્યારે અમદાવાદમાં 22 ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યું હતું. સૌથી વધુ 38 ડિગ્રી તાપમાન રાજકોટ, ડિસા, સુરતમાં નોંધાયું હતું. જ્યારે સુરેન્દ્રનગર, ભુજ અને અમદાવાદમાં મહત્તમ તાપમાન 37 ડીગ્રી રહ્યું હતું.

---------------------------------------------------------------------

- **-Weather website. Anil**

-(NAVIN)

# MACAU DAMAN ARTIST

મકાઉમાં યોજાતા લ્યૂસોફોનિયા ફેસ્ટિવલમાં કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આઠ કલાકારની પસંદગી કરવામાં આવી છે. મકાઉના અલગ અલગ સ્થળ પર ચાર દિવસ માછી, પોર્ટુગીઝ એન્ડ ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કલ્ચરલ કમિટી ઓફ ગોવા, દમણ અને દીવ દ્વારા દરેક આર્ટિસ્ટનું સન્માન કરાયું હતું. આ અંગે કલાકાર અનેરી ઠક્કરે પોતાની પ્રતિક્રિયા આપી હતી.

(ઓડિયો- અનેરી ઠક્કર, આર્ટિસ્ટ )

---------------------------------------------------------------------

- (પીટીસી- દમણ- પ્રવેશ)

-(NAVIN)

# 108 EMERGENCY CALL

રાજ્યમાં દિવાળીના તહેવારના ચાર દિવસમાં 108 ઈમરજન્સીમાં 20 હજાર 164 કેસ નોંધાયાના અહેવાલ છે. 108 ઇમરજન્સી સેવાના મુખ્ય કાર્યકારી અધિકારી જસવંત પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ભાઈબીજ સુધીના ચાર દિવસમાં 20 હજાર જેટલા ઈમરજન્સી કેસ નોંધાયા છે. સામાન્ય દિવસોમાં દરરોજના 4 હજાર 500 કેસ નોંધાતા હોય છે, જયારે દિવાળીમાં સરેરાશ 5 હજાર 500 જેટલા કેસ નોંધાયા છે.

(ઑડિયો- જસવંત પ્રજાપતિ, સીઈઓ, 108 ઇમરજન્સી સેવા)

-----------------------------------------------------------------------

- (હિન્દુસ્થાન સમાચાર / પ્રવેશ)

-(NAVIN)